થોમસ અને ધ લાઇબ્રેરી લેડી

પેટ મોરા

ચિત્રો: રાઉલ કોલો



થોમસ અને ધ લાઇબ્રેરી લેડી

પેટ મોરા

ચિત્રો: રાઉલ કોલો

થોમસ અને ધ લાઇબ્રેરી લેડી



મધરાત થઈ ગઈ હતી. પૂનમની ચાંદની થાકેલી, જૂની ગાડીનો પીછો કરી રહી હતી. થોમસ પણ થાકી ગયો હતો. ગરમી અને થાકથી એ હેરાન થઈ ગયો હતો. એને ટેક્સાસ શહેરમાં એનો પલંગ યાદ આવી રહ્યો હતો.

થોમસ ફરી તેના પરિવાર સાથે આયોવા જઈ રહ્યો હતો. તેના માતા અને પિતા ખેતરમાં કામ કરતા હતા. તેઓ શિયાળામાં ટેક્સાસના ખેડૂતો માટે અને ઉનાળામાં આયોવાના ખેડૂતો માટે ફળો અને શાકભાજી ચૂંટતા હતા. એટલે દર વર્ષે એ એની જૂની ગાડીમાં યાત્રા કરતા હતા. "મામા," થોમસે ફફડાટથી કહ્યું, "જો મારી પાસે ઠંડા પાણીનો ગ્લાસ હોત, તો હું તેને મોટા ઘૂંટડામાં પીત. હું બરફ ચૂસી લેત.

હું પાણીના છેલ્લા ટીપાં પણ મારા ચહેરા પર લગાડત."



જ્યારે ગાડી આખરે બંધ થઈ ત્યારે થોમસ ખુશ થયો. તેણે તેના દાદા - પાપા ગ્રાન્ડેને નીચે ઉતરવામાં મદદ કરી. થોમસે પપ્પા, મમ્મી, પપ્પા ગ્રાન્ડે અને તેના નાના ભાઈ, એનરિકને "શુભ રાત્રિ" કહી. તે નાના ઘરમાં ખાટલા પર સુઈ ગયો. એ ઘરમાં એના પરિવાર સાથે બીજા મજૂર પરિવારો પણ રહેતા હતા.

બીજા દિવસે વહેલી સવારે મમ્મી અને પપ્પા લીલાછમ ખેતરોમાં મકાઈ વીણવા ગયા. આખો દિવસ તેઓ તડકામાં કામ કરતા રહ્યા. થોમસ અને એનરિક તેમને પાણી પહોંચાડતા રહ્યા. પછી છોકરાઓ મમ્મીએ જૂના ટેડી રીંછમાંથી સીવેલા બોલથી રમ્યા.



જ્યારે તેમને ગરમી થઈ, ત્યારે તેઓ પાપા ગ્રાન્ડે સાથે એક ઝાડ નીચે બેઠા.

"અમને જંગલમાં રહેલા માણસ વિશે વાર્તા કહો," થોમસે કહ્યું.

થોમસને સ્પેનિશમાં વાર્તાઓ સાંભળવાનું ગમતું. પાપા ગ્રાન્ડે પરિવારમાં શ્રેષ્ઠ વાર્તાકાર હતા.

"એન અન ટાઇમપોસાડો," પાપા ગ્રાન્ડેએ શરૂઆત કરી , "એક સમયે ... એક તોફાની રાત્રે એક માણસ ઘોડા પર સવારી કરીને જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો. પવન બૂમો પાડી રહ્યો હતો, વ્હઉઉઉ, અને પાંદડા ઉડી રહ્યા હતા, વહીશ, વહીશ..."

"અચાનક કોઈ વસ્તુએ તે માણસને પકડી લીધો. તે હલનચલન કરી શકતો ન હતો. તે આસપાસ જોવાથી ડરી ગયો હતો. આખી રાત તે ભાગી જવા માંગતો હતો. પણ તે ત્યાંથી ભાગી શક્યો નહીં."

"પવન કેવો રડતો હતો, , વ્હઉઉઉ! પાંદડા કેવી રીતે ઉડી રહ્યા હતા. તેના દાંત કેવી રીતે કડકડતા હતા!"

"આખરે, સૂર્ય ઉગ્યો. ધીમે ધીમે તે માણસ પાછળ ફર્યો. અને તમને શું લાગે છે કે તેને કોણે પકડી રાખ્યો હતો?"

થોમસે હસીને કહ્યું, "એક કાંટાવાળા ઝાડે."

પાપા ગ્રાન્ડે હસ્યા. "થોમસ , તું મારી બધી વાર્તાઓ જાણે છે," તેણે કહ્યું, "લાઇબ્રેરીમાં ઘણી બધી વાર્તાઓ છે. તું એકલો જવા માટે પૂરતો મોટો થયો છે. પછી તું અમને નવી વાર્તાઓ શીખવી શકે છે."

બીજા દિવસે સવારે થોમસ શહેરમાં ચાલ્યો ગયો. તેણે મોટી લાઇબ્રેરી તરફ જોયું. તેની ઊંચી બારીઓ જાણે આંખોની જેમ તેને જોઈ રહી હતી.

થોમસ મોટી ઇમારતની આસપાસ ફરતો રહ્યો. તેણે બાળકોને પુસ્તકો લઈને બહાર આવતા જોયા. ધીમે ધીમે તે સીડીઓ ઉપર ચઢવા લાગ્યો. તેણે સ્પેનિશમાં સીડીઓ ગણી. ઉનો, દોસ, ટ્રેસ , કુઆટ્રો... તેનું મોં કપાસથી ભરેલું લાગ્યું.

થોમસ લાઇબ્રેરીના દરવાજા સામે ઊભો હતો. તેણે કાચ સામે નાક દબાવ્યું અને અંદર ડોકિયું કર્યું. લાઇબ્રેરી ખૂબ મોટી હતી!

એક હાથે એના ખભા પર ટકોરા માર્યા. થોમસ કૂદી પડ્યો. એક ઊંચી મહિલાએ તેની તરફ જોયું. "આજે ગરમી છે," તેણીએ કહ્યું. "અંદર આવો અને પાણી પીઓ. તમારું નામ શું છે?" તેણીએ પૂછ્યું.

"થોમસ," તેણે કહ્યું.

"આવ, થોમસ ," તેણીએ કહ્યું.

અંદર બધું ઠંડુ હતું. થોમસે ક્યારેય આટલા બધા પુસ્તકો જોયા નહોતા.

તે સ્ત્રીએ તેને જોયો. "આવો," તેણીએ ફરીથી કહ્યું, તેને પીવાના ફુવારા તરફ દોરી ગઈ. "પહેલા થોડું પાણી. પછી હું તમારા માટે આ ટેબલ પર પુસ્તકો લાવીશ. તમે શું વાંચવા માંગો છો ?"

"વાઘ. ડાયનાસોર," થોમસે કહ્યું.

થોમસે ઠંડુ પાણી પીધું. તેણે ઊંચી છત તરફ જોયું. તેણે રૂમની આસપાસના બધા પુસ્તકો તરફ જોયું. તેણે જોયું કે તે મહિલા છાજલીઓમાંથી કેટલાક પુસ્તકો કાઢીને ટેબલ પર લાવી રહી છે. "આ ખુરશી તમારા માટે છે, થોમસ ," તેણીએ કહ્યું. થોમસ બેઠો. પછી ખૂબ કાળજીપૂર્વક તેણે ઢગલામાંથી એક પુસ્તક કાઢ્યું અને તેને ખોલ્યું.



થોમસે જોયું કે ડાયનાસોર ચમકતા પાણીને પીવા માટે તેમની લાંબી ગરદન વાળતા હતા. તેણે જંગલી સાપ પક્ષીનો અવાજ સાંભળ્યો. સવારી માટે તેને મજબૂતીથી પકડી રાખતા ડાયનાસોરની ગરમ ગરદનનો અનુભવ થયો. થોમસ લાઇબ્રેરી લેડી વિશે ભૂલી ગયો. તે આયોવા અને ટેક્સાસ વિશે ભૂલી ગયો.



"થોમસ , થોમસ ," લાઇબ્રેરીની મહિલાએ ધીમેથી કહ્યું.

થોમસે આસપાસ જોયું. પુસ્તકાલય ખાલી હતું. સૂર્ય આથમી રહ્યો હતો.

લાઇબ્રેરી લેડી લાંબા સમય સુધી થોમસ તરફ જોતી રહી. તેણીએ કહ્યું, "થોમસ , શું તમે બે લાઇબ્રેરી પુસ્તકો ઉધાર લેવા માંગો છો? હું તે મારા નામે ઉધારીશ."

થોમસ પોતાના પુસ્તકો લઈને લાઇબ્રેરીમાંથી બહાર નીકળ્યો. તે ઘરે દોડી ગયો, તેના પરિવારને નવી વાર્તાઓ બતાવવા માટે ઉત્સુક.

પાપા ગ્રાન્ડેએ લાઇબ્રેરીના પુસ્તકો તરફ જોયું. "મને વાંચીને સંભળાવો," તેમણે થોમસ ને કહ્યું. પહેલા થોમસે તેને ચિત્રો બતાવ્યા. તેમણે વાઘ તરફ ઈશારો કર્યો. "ક્યૂ ટાઇગ્રે ટેન ગ્રાન્ડે!" થોમસે પહેલા સ્પેનિશમાં અને પછી અંગ્રેજીમાં કહ્યું, "કેટલો મોટો વાઘ!"

"મને અંગ્રેજીમાં વાંચી સંભળાવો," પાપા ગ્રાન્ડે કહ્યું. થોમસે રાત્રે જંગલમાં ચમકતી વાઘની આંખો વિશે વાંચ્યું. તે એક વિશાળ વાઘની જેમ ગર્જના કરતો હતો. પાપા, મામા અને એનરિક હસી પડ્યા. તેઓ તેની વાર્તા સાંભળવા માટે તેની પાસે આવ્યા અને બેઠા.





કેટલાક દિવસો થોમસ તેના માતાપિતા સાથે શહેરના કચરા-ડીપો પર જતો.

ત્યાં એ વેચવા માટે જૂના લોખંડના ટૂકડા વીણતાં. એનરીક એને માટે જૂના રમકડાં ગોતતો. થોમસ કચરામાં જૂના પુસ્તકો શોધતો. પછી એ પુસ્તકોને સૂર્યપ્રકાશમાં રાખતો જેનાથી એની દુર્ગંધ દૂર થઈ જતી.

આખા ઉનાળામાં, જ્યારે પણ તેને તક મળે, થોમસ લાઇબ્રેરીમાં જતો. લાઇબ્રેરીની મહિલા કહેતી, "પહેલા થોડું પાણી પીઓ અને પછી થોડા નવા પુસ્તકો, થોમસ ."

શાંત દિવસોમાં લાઇબ્રેરી લેડી કહેતી, "મારા ડેસ્ક પર આવો અને મને વાંચીને સંભળાવો, થોમસ ." પછી તે કહેતી, "કૃપા કરીને મને સ્પેનિશમાં કેટલાક નવા શબ્દો શીખવો."

થોમસ હસતો. તેને શિક્ષક બનવાનું ગમ્યું. પુસ્તકાલયની મહિલાએ એક પુસ્તક તરફ ઈશારો કર્યો. "સ્પેનિશમાં પુસ્તકને "લિબ્રો" કહે છે," થોમસે કહ્યું.

"લિબ્રો," લાઇબ્રેરી લેડીએ કહ્યું.

" પજારો," થોમસે હાથ ફફડાવતા કહ્યું.

પુસ્તકાલયની મહિલા હસી પડી. "પક્ષી," તેણીએ કહ્યું.



જે દિવસોમાં લાઇબ્રેરીમાં ભીડ રહેતી, તે દિવસોમાં થોમસ પોતાની જાતે વાંચતો. તે લાંબા સમય સુધી ચિત્રો જોતો. તેને ઇન્ડિયન શિબિરમાં ધુમાડાની ગંધ આવતી. તે ગરમ, ધૂળવાળા રણમાં કાળા ઘોડા પર સવારી કરતો.

અને સાંજે, તે મમ્મી, પપ્પા, પાપા ગ્રાન્ડે અને એનરિકને વાર્તાઓ વાંચીને સંભળાવતો.



ઓગસ્ટની એક બપોરે થોમસ પાપા ગ્રાન્ડેને લાઇબ્રેરીમાં લાવ્યો.

પુસ્તકાલયની મહિલાએ કહ્યું, " બ્યુનાસ ટર્ડેસ, સેનોર."

થોમસ હસ્યો. તેણે લાઇબ્રેરી લેડીને સ્પેનિશમાં "શુભ બપોર, સાહેબ" કેવી રીતે કહેવું તે શીખવ્યું હતું.

" બ્યુનાસ ટર્ડેસ, સેનોરા," પાપા ગ્રાન્ડેએ જવાબ આપ્યો.

થોમસે નરમાશથી કહ્યું, "આજે મારી પાસે તમને એક ઉદાસ શબ્દ શીખવવાનો છે. આ શબ્દ છે એડીઓસ. તેનો અર્થ થાય છે ગુડબાય."

થોમસ ટેક્સાસ પાછો જઈ રહ્યો હતો. તેને આ શાંત જગ્યા, ઠંડુ પાણી, ઘણી બધી પુસ્તકોની યાદ આવશે. તેને લાઇબ્રેરી લેડીની યાદ આવશે.

"મારી માતાએ આ તમારો આભાર માનવા માટે મોકલ્યું છે," થોમસે તેને એક નાનું પેકેટ આપતા કહ્યું. "આ પાન ડુલ્સે છે, મીઠી બ્રેડ. મારી માતા ટેક્સાસમાં સૌથી સારી પાન ડુલ્સે બનાવે છે."

લાઇબ્રેરીની મહિલાએ કહ્યું, "કેટલું સરસ. કેટલું સરસ. ગ્રેસિયસ, થોમસ . આભાર." તેણે થોમસને મોટું આલિંગન આપ્યું.



તે રાત્રે, થાકેલી જૂની ગાડીમાં ફરી એક વાર ઉછાળા મારતા, થોમસે એક ચમકતું નવું પુસ્તક પકડ્યું, જે લાઇબ્રેરીની મહિલા તરફથી ભેટ હતું.

પાપા ગ્રાન્ડે હસ્યા અને કહ્યું, "નવા વાર્તાકાર માટે વધુ વાર્તાઓ."



થોમસે એની આંખો બંધ કરી. એણે ઘણા સમય પહેલાના ડાયનાસોરને ઠંડુ પાણી પીતા જોયા. એણે સર્પગ્રીવા (સ્નેકબર્ડ) ના અવાજ સાંભળ્યા. જયારે એણે ડાયનાસોર પર સવારી કરવા માટે એની ડોક કસીને પકડી તો એને એની ડોકના ગરમાવાનો અનુભવ થયો.

વાર્તા વિશે એક નોંધ

થોમસ રિવેરાનો જન્મ ૧૯૩૫માં ટેક્સાસના ક્રિસ્ટલ સિટીમાં થયો હતો. શિક્ષણને મહત્વ આપતા સ્થળાંતરિત કામદાર, થોમસ રિવેરા લેખક, પ્રોફેસર, યુનિવર્સિટી વહીવટકર્તા અને રાષ્ટ્રીય શિક્ષણ નેતા બન્યા. ૧૯૮૪માં જ્યારે ડૉ. રિવેરાનું અવસાન થયું, ત્યારે તેઓ રિવરસાઇડ ખાતે યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના ચાન્સેલર હતા. કેમ્પસ લાઇબ્રેરી હવે તે છોકરાનું નામ ધરાવે છે જેને આયોવામાં એક ગ્રંથપાલે વાંચવા માટે પ્રોત્સાહિત કર્યો હતો.